

## સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

*રાજકીય ગુંડાઓનો અડ્ડો છે આ આશ્રયગૃહ,*
*સરકારી પોષણે પોષાય છે આ આશ્રયગૃહ*
*છૂપી પાપલીલાનો રાફડો છે આ આશ્રયગૃહ -*
*શોષણ - ઉત્પીડનનું કેન્દ્ર છે આ આશ્રયગૃહો*

હાઈકુ

*ફૂલે ફાલે છે*
*આંખ નીચે ચાલે છે*
*આશ્રયગૃહ*

*દુષ્કર્મીઓનું -*
*ગુંડા - ગુન્હેગારોનું*
*આશ્રયગૃહ!!*

*(નિર્દોષ-પવિત્ર ગરીબડી ગાયોનું કતલખાનું)*

### ચિંતન

*હૃદયાની સતામેવ કઠિનાનીતિ મે મતિઃ ।*
*ખલવાગ્વશિ ખૈસ્તીક્ષ્ણૈર્ભિધન્તે ન મનાગ્યતઃ ॥*

ઉપરોક્ત શ્લોક સુભાષિતરત્ન ભાંડાગારમાંથી લેવામાં આવેલ છે.

સજ્જનોના હૃદયો કઠોર હોય છે, એમ હું માનું છું, કારણ કે ખલ પુરુષોમાં વચનોરૂપી તીક્ષ્ણ બાણોથી તે જરા પણ ભેદાતાં નથી.

સજ્જન-સંત લોકો, દુર્જનોના વાક્બાણ, દુષ્ટ વચન - વાતોથી ચલિત થઈ જતા નથી. એ મન-હૃદયથી મક્કમ રહે છે.

આમ તો સંત હૃદય ફૂલ જેવાં કોમળ હોવાનું કહેવાય છે પણ ‘મક્કમ’ બાબત એ મક્કમ જ રહે છે. લોભ-ક્રોધમાં આવી ચલિત થતા નથી.

### સુવિચાર

- પુસ્તક તો બરફ ભાંગવાની હથોડી જેવું હોવું જોઈએ, જે આપણી ભીતર થીજી ગયેલા દરિયાને ભેદી શકે - **સંત ફ્રાંસિસ**
- ધર્મનું પ્રમાણ શાસ્ત્ર નહિં, પણ અંતઃકરણ છે - **વિવેકાનંદ**
- દુનિયા એક અતિ રૂપવતી કન્યા છે, પણ એ કદી કોઈને વરવાની નથી, એ સમજી જવું - **આહમદ હાફિઝ**
- કામ, ક્રોધ અને લોભ એ ત્રણ બડા ચોર છે,
  એ ચોરોની સાથે પ્રવાસો કરવો એ આપઘાત કરવા જેવું છે - **જ્ઞાનેશ્વર**
- ચોરને ઝાડવે ઝાડવે સિપાઈ દેખાવાનો - **શેક્સપિયર**
- શાંતિ એવું કિંમતી રત્ન છે,
  જેને માટે હું સત્ય સિવાય જે માગો તે આપી દેવા તૈયાર છું - **ગીઓવાની રોફીની**
- આજનું ઔષધ : લસણ, ખડીસાકર અને સિંધવ મીઠું સરખે ભાગે મેળવી, તેનાથી બમણું ઘી મેળવી, ખાવાથી અજીર્ણ, આફરો મટે છે **(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

જેમ શરીરમાં જંતુ ફેલાઈને રોગમાં વધારો કરે છે તેવી જ રીતે સુક્ષ્મ માનસિક પરમાણુ પણ એનો પ્રભાવ પાડે છે અને આથી જ માણસ જેવું ખાય છે એવા એને વિચાર આવ છે. એક મહાત્મા રાજાને મળવા ગયા. રાજાએ એમને ભાવપૂર્વક જમાડ્યા અને સાથે વિશ્રામ કરવા કહ્યું, રાજાએ એમનો હાર કાઢીને ખૂંટી પર લટકાવ્યો. અને સૂઈ ગયા. મહાત્માને હાર જોઈને મનમાં લોભ જાગ્યો. મહાત્માએ હાર ચોરી લીધો અને પોતાની કુટિર પર જતા રહ્યા. બીજીબાજુ રાજાના હારની શોધખોળ શરૂ થઈ. બે દિવસ પછી મહાત્માના મનનો વિકાર દૂર થયો અને તેઓ રાજાને હાર પરત આપવા ગયા અને કહ્યું ‘મહારાજ, આપનો હાર મેં ચોરેલો કારણ કે મારી બુદ્ધિ ભ્રષ્ટ થઈ ગઈ હતી, આજે મને મારી ભૂલ સમજાઈ છે આથી હું આપની સમક્ષ હાજર થયો છું.’ રાજાએ કહ્યું ‘મહાત્માજી, આપ હારની ચોરી કરો એ શક્ય નથી. એવું લાગે છે કે આપ કોઈને બચાવવા માટે બીજાનો ગુનો આપના શિરે લઈ રહ્યા છો.’ ‘રાજાને જવાબ આપતા મહાત્માએ કહ્યું, ‘મારી નિર્લોભ વૃત્તિમાં લોભ કેમ આવ્યો એનું કારણ કે મેં તમારે ત્યાં જે ભોજન લીધું હતું એનાથી મારા નિર્મલ મન પર ખરાબ અસર પડી. બે દિવસમાં એ અન્ન મારા શરીરમાંથી નીકળી ગયું છે ત્યારે મારા મનનો વિકાર મટી ગયો છે.’ મહાત્માની વાત ઉપર રાજાને વિશ્વાસ થયો તેણે હુકમ કર્યો, ‘તપાસ કરો આ અન્ન કયાંથી આવ્યું હતું ?’ તપાસમાં ખબર પડી કે એક ચોરે ચોખાની ચોરી કરી હતી એને સજા પણ થઈ હતી, પણ જેના ચોખા-ચોરાયા હતા તે વેપારી માલ લેવા આવ્યો ને હતો. આથી એ માલ રાજયે કરી લીધો છે. ત્યારબાદ એ માલ રાજમહેલમાં ખરીદાયો હતો. ભોજનમાં જે ખીર બનાવવામાં આવી હતી તેમાં આ ચોખા વપરાયા હતા જેના કારણે મહાત્માનું મન ચલિત થયું હતું.

# ગ્રામચેતનાના કસબીનું શતાબ્દી પર્વ

તંત્રીસ્થાનેથી...

સરસ્વતીચંદ્ર જેવી મહાનવલ આપીને ગિરા ગૂર્જરીને વિશ્વગૂર્જરી બનાવનાર ગોવર્ધનરામ ત્રિપાઠીએ ૧૮૫૭ના નિષ્ફળ સ્વાતંત્ર્ય સંગ્રામની હતાશા અનુભવી રહેલી દેશી પ્રજાની સંસ્કાર સંપદાનો મહિમા કર્યો હતો. અલબત્ત, ગોવર્ધનરામ પોતે ભદ્ર લોકના પ્રતિનિધિ હતા એટલે સ્વાભાવિક છે કે એમના નગરવાસી ચરિત્રો અને વાતાવરણમાં ગુજરાતનું ગામડું જ ન ડોકાય. એમાં સુવર્ણ પુરથી સુંદરગિરિ સુધીની ભવ્યતા અને સંસ્કારિતા ઉપરાંત ઉચ્ચ કક્ષાની આધ્યાત્મિકતા જરૂર દશ્યમાન થઈ શકે. ગોવર્ધનરામ પછીના અર્થાત્ ‘પંડિત યુગ’ પછીના ગુજરાતી સર્જકો પર ગાંધીજીનો યુગપ્રભાવ એટલો બળૂકો છે કે કનૈયાલાલ મુનશી સિવાયના લગભગ બધા જ એનો પુરસ્કાર કરે છે અને કલા માત્ર કલા ખાતર નહીં પરંતી જીવન માટે - એ મુદ્દો આત્મસાત્ કરી લખે છે. ઈશાનિયા ખૂણાના આંજણા પાટીદાર પન્નાલાલ પટેલ ગાંધીયુગના જ લેખક, છતાં ગાંધી પ્રભાવથી મુક્ત રહી ‘મળેલ જીવ’ અને ‘માનવીની ભવાઈ’ જેવી કાલજયી કૃતિઓ આપે છે. પરંતુ તત્કાલીન વાચકવર્ગ માટે યુગમૂર્તિ વાર્તાકારની પ્રતિષ્ઠા તો રમણલાલ વસંતલાલ દેસાઈને સાંપડે છે. ‘ગ્રામલક્ષ્મી’ તત્કાલીન યુવાવર્ગને સૌથી વધુ આકર્ષતી ‘ગ્રામચેતનાની ગીતા’ બની રહે છે. પીતાંબર પટેલ એન ઈશ્વર પેટલીકર અનુક્રમે કડવા અને લેઉવા પાટીદાર સમાજનું પ્રતિનિધિત્વ કરનારા ખેડૂત પરિવારના લેખકો છે. પાટીદાર સમાજમાંથી મળેલ લેખક ત્રિપુટી પૈકી પન્નાલાલ સૌથી ઓછું ભણેલા છતાં સૌથી વધુ કલાત્મક વાર્તાકાર - નવલકથાકાર તરીકે પ્રતિષ્ઠિત થયા. ઈશ્વર પેટલીકરે ચરોતરનું ગ્રામજીવન અક્ષરબદ્ધ કર્યું અને ગાંધીચેતનાના સંવાહક તરીકે એમને સુધારક લોકસેવક અને પત્રકાર તરીકે નામના મેળવી. જેમને આજે બરાબર સો વર્ષ પૂરાં થઈ રહ્યાં છે તેવા પીતાંબર પટેલ મહેસાણા જિલ્લાના ખેડૂતજીવન અને પ્રાદેશિક પ્રશ્નોને વાચા આપતી કૃતિઓ રચી. તેઓ હજી તો એમ.એ.ના વિદ્યાર્થી હતા ત્યારે ૧૯૪૨ની ચળવળમાં કૉલેજ બંધ રહેતાં ‘રસિયો જીવ’ જેવી સામાજિક નવલકથા આપીને એમણે મોટી અપેક્ષાઓ જગાડી હતી. એની ભૂમિકા એમના વિદ્યાગુરુ અને આપણી ભાષાના સર્વોત્તમ સાક્ષર રા.વિ. પાઠકે લખેલી. પીતાંબર પટેલે ‘સંદેશ’માં પત્રકાર તરીકે અને આકાશવાણી, અમદાવાદ ખાતે કાર્યક્રમ નિષ્પાદક તરીકે યાદગાર પ્રદાન કર્યું છે. એમના સંપાદન હેઠળ ‘આરામ’ જેવું ઉત્તમ વાર્તાસામયિક પ્રકાશિત થતું હતું જેણે આપણા આધુનિક વાર્તાકારોની પેઢીઓ ઘડવાની યશસ્વી કામગીરી બજાવી હતી. પરંતુ પીતાંબર પટેલની સાચી ઓળખ તો એમની ‘ખેતરને ખોળે’ અને ‘ધરતીનાં અમી’ જેવી નવલકથાઓથી થાય છે, જેમાં લેખક સોળે કળાએ ઉત્તમ જાનપદી નવલકથા સ્વરુપે મહોર્યા છે. આ બેઉ નવલકથાઓ ઉત્તર ગુજરાતની બે મુખ્ય ખેડૂત કોમોનું જીવંત દસ્તાવેજીકરણ બની રહે છે. પીતાંબર પટેલને એમ.એ. કરતા હતા ત્યારે ગામના કોઈ વૃદ્ધ વડીલે ટપારેલા : તમે ભણએલા જો ગામમાં નહીં રહો તો ગામને શો લાભ ? - અ ટકોર એમની ‘ખેતરને ખોળે’ નવલકથાનું પ્રેરક સૂત્ર બની રહી. ‘ગ્રામલક્ષ્મી’ થી પ્રભાવિત અને ટોલ્સ્ટોય, પર્લ બક, ટાગોર વગેરેના વાચનથી શબ્દાભિમુખ બનેલા આ મેધાવી સર્જકે ગ્રામચેતનાની નવલકથાઓ ઉપરાંત ઢગલાબંધ ટૂંકી વાર્તાઓ, રેખાચિત્રો અને તરુણો તથા કિશોરો માટેની કૃતિઓ આપી છે. પોતે સમાજચિંતક હતા - ‘સેવકરામ’ હતા એટલે રાજકારણથી પણ વેગળા ન જ રહી શક્યા. ૧૯૬૭ની વિધાનસભાની ચૂંટણીમાં પણ સક્રિય રહેલા આ લેખકનો સાચો પરિચય તો લોકધર્મી સર્જક તરીકે જ આપવો રહ્યો. સાચો સર્જક સમાજ અને સમયનું પ્રતિબિંબ ઝીલતો હોય છે. પીતાંબર પટેલ સમાજની બદલાતી તાસીરની તસવીર ઝીલતી નવલકથાઓ આપતાં ઈશ્વર પેટલીકરની જેમ સમાજસુધારકની ભૂમિકા પન્નાલાલને પણ અનુસર્યા છે. આવા એક સમર્થ લેખકને ગુજરાતે વિસારે પાડી દીધા છે ત્યારે ગુજરાત સાહિત્ય અકાદમી અને ઓમ કોમ્યુનિકેશન જેવી કલા સાહિત્યલક્ષી સંસ્થાના સંયુક્ત ઉપક્રમે એમના શતાબ્દીપર્વની વિશિષ્ટ ઉજવણી થઈ રહી છે એને બિરદાવીએ.

# સ્વાતંત્ર્યના પર્વે સ્વાતંત્ર્યની લક્ષ્મીનું પુણ્યસ્મરણ





અમર વારસો

ડૉ. રશ્મિકાન્ત મહેતા

ઈ.સ.૧૮૫૭ની ઘટનાને ‘વિપ્લવ’ કહેવાને બદલે ‘સ્વસંગ્રામ’ કહેવું વધુ યોગ્ય છે. આ સ્વાતંત્ર્ય સંગ્રામનું એક પર્વથી ઉજ્જવળ એવું સુવર્ણપ્રકરણ મહારાણી લક્ષ્મીભાઈનું પ્રદાન છે. એમની દૃઢ નિર્ણયશક્તિ, અપ્રતીમ પરાક્રમ, સ્નેહભાવ, સ્વભાવ, કુશળ રાજનીતિજ્ઞતા - આ બધું ભાવિ પેઢી માટે પ્રેરણારૂપ છે.

મહારાણી લક્ષ્મીબાઈ વિષે સંસ્કૃતભાષામાં ત્રણ નાટકો રચાયા છે :

(૧) ભારત વિજય : ઉત્તર ભારતના મથુરા પ્રસાદ દીક્ષિતનું આ નાટક છે. આમાં સાત અંકો છે. ઝાંસીનાં સરસ્વીત સદનમાંથી આનું પ્રકાશન ઈ.સ. ૧૯૩૭માં થયેલ છે. આ નાટકનો અભિનય આ જ વર્ષમાં શિમલા પાસેના સોલન ગામના રંગમંચ ઉપર થયો હતો. અંગ્રેજોએ ભારતમાં પ્રવેશ કર્યો, ત્યારથી શરુ કરીને વિદાય લીધી, ત્યાં સુધીનું કથાવસ્તુ છે. આ નાટકનાં પાંચમા અંકમાં ઈ.સ. ૧૮૫૭ના સંગ્રામની ઘટનાઓ છે. આમાં ઝાંસીની રાણીના ઉદાત્ત પરાકર્મ અને વીરગતિનું વર્ણન છે.

(૨) સ્વાતંત્ર્ય લક્ષ્મી - મહારાષ્ટ્રના શ્રીરામ ભી. વેલણકરે ઈ.સ. ૧૯૬૩માં આ નાટકની રચના કરી છે. આ વર્ષના ડિસેમ્બર માસમાં આકાશવાણીના દિલ્હી કેન્દ્ર પરથી આનું પ્રસારણ થયું હતું. એ રીતે આ રેડિયોરૂપક હતું. આ જ વર્ષમાં ત્યાર પછી સુરભારતી - ભોપાલથી આનું પ્રકાશન થયું છે. નાટકમાં ત્રણ અંકો છે.

લક્ષ્મીબાઈના લગ્ન ઝાંસીના રાજા ગંગાધર પંત સાથે થયેલા. પરંતુ ઈ.સ. ૧૯૫૪માં ૨૫ વર્ષની વયે પતિનું અવસાન થયું. એ વખતે એ નિઃસ્તાન હતા. તેથી રાણીએ સાત વર્ષના બાળક દામોદરને દત્તક લીધો. માનમા રાણીએ શસ્ત્રો અને શાસ્ત્રોનું જ્ઞાન આપતા. તાનચંડી એમને નૃત્યનું શિક્ષણ આપતા, ડેલહાઉસીએ દત્તક વિધાન માન્ય ન રાખ્યું. પરંતુ રાણીએ ઝાંસી સોંપવાની ના પાડી દીધી અને યુદ્ધ સ્વીકારી લીધું. ઓરછાની રાણી લઢી એની મદદમાં હતી. દુર્ગના રક્ષણ માટે લક્ષ્મીબાઈએ ધનગર્જન તોપ ગોઠવી હતી. કાલપીથી તાત્યા ટોપે પોતાની સેના સાથે આવતો હતો. પણ અંગ્રેજોએ તેને હરાવ્યા. રાણી ઝાંસીને બચાવવા કાલપી જેવા તૈયાર થયા. પોતે પુરુષવેશ લીધો. ચેતના એની સખી હતી. એણે રાણીનો વેશ લીદો અને ઝાંસીમાં રોકાઈ ગઈ. રાણી શત્રુની સેનાને વીંધીને પાર કરી ગયા. ચેતનાએ સંતોષ સાથે યુદ્ધમાં આત્મસમર્પણ કર્યું. ત્યાર પછી ઝાંસી શત્રુના હાથમાં ગયું.

(૩) ભારતલક્ષ્મી : બાંગ્લાદેશમાં જન્મેલા યતીન્દ્ર વિમાન ચૌ ધરીનું દશ અંકનું નાટક ઈ.સ. ૧૯૬૭માં પ્રકાશિત થયું છે.

લક્ષ્મીબાઈનો એકમાત્ર પુત્ર મરણ પામ્યો. એમણે જે પુત્રને દત્તક લીધો, એને અંગ્રેજોએ માન્યતા ન આપી અને ઝાંસી છોડી જવા જણાવ્યું. રાણીએ ના પાડી અને યુદ્ધ સ્વીકારી લીધું. ઝાંસી માટે પોતાના સાજશણગાર છોડી દીધા. યુદ્ધમાં ફુલાજી નામનો એક સેનાપતિ ગદ્દાર નીકળ્યો. એણે રાણીને હરાવવાના ઉપાયો બતાવી દીધા. મહારાણી પાસે આ યુદ્ધમાં નારી સેના પણ હતી. બાળકને પીઠ સાથે બાંધીને તે અંગ્રેજો સાથે સતત લડતા રહ્યા. ગ્વાલિયરના યુદ્ધમાં એમણે છેલ્લા શ્વાસ સુધી મચક ના આપી અને અંતે વીરગતિને પામ્યા.

ઈ.સ. ૧૯૫૮ની ૧૮મી જૂને ૨૯ વર્ષની વયે તેજસ્વીની પ્રતિભાનો વિલય થયો. જેઠ સુધ સાતમે તેઓ અવસાન પામ્યા.

૧૫મી ઓગસ્ટે સ્વાતંત્ર્ય પર્વ છે. ત્યારે આ સ્વાતંત્ર્ય લક્ષ્મીને, ભારત લક્ષ્મીને વીરાંગના રાણી લક્ષ્મી બાઈને શ્રદ્ધાંજલિ અને સ્મૃતિવંદના.

# અમદાવાદને ‘દુનિયાનું બજાર’ કોણે કહ્યું હતું ?



ખજાનો

અનિલ પટેલ

## ગુજરાતનો ઈતિહાસ

૧ અમદાવાદમાં પહેલી ગુજરાતી નિશાળ કયારે સ્થપાઈ હતી ?
(અ) ૧૮૨૬ (બ) ૧૮૫૭
(ક) ૧૮૬૩ (ડ) ૧૯૨૦

૨ અમદાવાદમાં મજૂર મહાજનની સ્થાપના કયારે થઈ ?
(અ) ૧૯૦૦ (બ) ૧૯૧૦
(ક) ૧૯૨૦ (ડ) ૧૯૩૦

૩ પારસીઓ ગુજરાતના કયા બંદરે ઉતર્યા હતા ?
(અ) વેરાવળ (બ) સુરત
(ક) ખંભાત (ડ) સંજામ

૪ સિદ્ધપુરના રૂદ્રમાળનું બાંધકામ કોણે શરુ કરાવ્યું હતું ?
(અ) ભીમદેવ (પ્રથમ) સોલંકી (બ) મીનળદેવી
(ક) મૂળરાજ સોલંકી (ડ) સિધ્ધરાજ સોલંકી

૫ પાટણનું જાણીતું સહસ્ત્રલીંગ તળાવ કોણે બંધાવ્યું હતું ?
(અ) સિદ્ધરાજ જયસિંહ (બ) ભીમદેવ
(ક) મૂળરાજ સોલંકીએ (ડ) કુમારપાળે

૬ મહાદેવભાઈ દેસાઈ કોના રહસ્યમંત્રી હતા ?
(અ) સરદાર પટેલ (બ) ગાંધીજી
(ક) નહેરુ (ડ) ગોપાલકૃષ્ણ ગોખલે

૭ ‘ગાંધી મરશે પણ ગાંધીવાદ નહીં’ આ કથન કોનું છે?
(અ) ગાંધીજીનું (બ) સરદાર પટેલનું
(ક) વિનોબા ભાવેનું (ડ) મહર્ષિ અરવિંદનું

૮ ગુજરાતમાં પારસીઓ કોના શાસનકાળમાં આવ્યા હતા?
(અ) સોલંકી વંશ (બ) ચાવડા વંશ
(ક) પ્રતિહારના શાસનમાં (ડ) અસાવલીના રાજાના

૯ અમદાવાદને ‘દુનિયાનું બજાર’ કોણે કહ્યું હતું ?
(અ) મહંમદ બેગડાએ (બ) મહોબત ખાને
(ક) અહમદ શાહે (ડ) અબુલ ફઝલ

૧૦ શ્રી હેમચંદ્રાચાર્યના ગ્રંથનું કયા રાજવીએ સન્માન કર્યું હતું ?
(અ) સિદ્ધરાજ જયસિંહે (બ) વનરાજ ચાવડાએ
(ક) ભીમદેવે (ડ) મીનળદેવીએ

૧૧ ગુજરાત રાજયનું ઉદ્ઘાટન કોના હાથે થયું હતું ?
(અ) વિનોબા ભાવે (બ) જવાહરલાલ નહેરુ
(ક) રવિશંકર મહારાજ (ડ) મહર્ષિ અરવિંદ

૧૨ આઝાદી પછી ગુજરાતનું કયું દેશી રજવાડું ભારતમાં જોડવા તૈયાર ન હતું ?
(અ) ભાવનગર (બ) શિહોર
(ક) જૂનાગઢ (ડ) જામનગર

૧૩ ગુજરાતમાં ભીલ સેવા મંડળીની સ્થાપના કોણે કરી હતી ?
(અ) ઠક્કરબાપા (બ) રવિશંકર મહારાજ
(ક) સચ્ચિદાનંદ સ્વામી (ડ) વિનોભા ભાવે

૧૪ શ્યામજી કૃષ્ણવર્માનો જન્મ કયાં થયો હતો ?
(અ) ભૂજ (બ) અબડાસા
(ક) માંડવી (ડ) અંજાર

૧૫ રાજપીંપળા ખાતે વ્યાયામ પ્રવૃત્તિઓના પ્રણેતા કોણ હતા ?
(અ) છોટુભાઈ પુરાણી (બ) અંબુભાઈ પુરાણી
(ક) રવિશંકર રાવળ (ડ) મોતીભાઈ અમીન

## વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતી મહત્ત્વની ઘટનાઓ**

- **૧૦ ઓગસ્ટ :**
- ભારતના સૌથી રાષ્ટ્રપતિ વરાહગીરી વેંકટગીરીનો જન્મ દિવસ (૧૮૯૪)
- જાણીતા સાહિત્યકાર સુરેશ દલાલની પુણ્યતિથિ (૨૦૧૨)
- ભારતીય શાસ્ત્રીય સંગીતના પિતામહ નારાયણ ભાતી ખંડની જન્મજયંતિ (૧૮૬૦)
- સાહિત્યકાર પિતાંબર ન. પટેલની જન્મજયંતિ (૧૯૧૮)
- ગીતોના સર્જક રાવજી છો. પટેલની પુણ્યતિથિ (૧૯૬૮)
- ગાંધી યુગના કવિ, વિવેચક સુંદરજી ગોખલદાસ બેટાઈનો જન્મદિવસ (૧૯૦૫)
- **૧૧ ઓગસ્ટ :**
- ક્રાંતિકારી ચળવળના પુરસ્કર્તા ખુદીરામ બોઝનું નિધન (૧૯૦૮)
- ક્રિકેટર તથા ૧૯૮૩ની વર્લ્ડ ચેમ્પિયન ટીમના સભ્ય યશપાલ શર્માનો જન્મદિવસ (૧૯૫૪)
- નાટોએ અફઘાનમાં શાંતિ સેનાની કમાન સંભાળી (૨૦૦૩)
- દાદરાનગર અને નગર હવેલીને પોર્ટુગીઝના કબજામાંથી મુક્ત કરી કેન્દ્રશાસિત પ્રદેશ જાહેર કર્યો (૧૯૬૧)
- **૧૨ ઓગસ્ટ :** આંતરરાષ્ટ્રીય યુવાદિન
- રેલવે એન્જીનના શોધક જયોર્જ સ્ટીફન્સની પુણ્યતિથિ (૧૮૪૮)
- સાહિત્યકાર ચુનીલાલ મડિયાનો જન્મદિવસ (૧૮૯૨)
- ગુજરાત પ્રથમ અણુ વૈજ્ઞાનિક ડૉ. વિક્રમ સારાભાઈનો જન્મ દિવસ (૧૯૧૯)
- **૧૩ ઓગસ્ટ (વર્લ્ડ ઓર્ગેનાઈઝેશન ડોનેશન ડે, ઈન્ટરનેશનલ લેફ્ટહેન્ડર ડે)**
- ભારતના ક્રાંતિકારી વીરાંગના મેડમ ભીખાઈજી કામાનું નિધન (૧૯૩૬)
- કવિ અને વિવેચક વિનોદ જોષીનો જન્મદિવસ (૧૯૫૫)
- બ્રિટીશ સાંસદમાં ઈન્ડિયા એક્ટને મંજૂરી (૧૭૮૪)
- **૧૪ ઓગસ્ટ :** (પાકિસ્તાનનો સ્વતંત્રતા દિવસ)
- નવલકથાકાર અને નાટ્યકાર યશોધરા મહેતાનો જન્મદિવસ (૧૯૦૯)
- બોમ્બે હાઈકોર્ટનું આ દિવસે ઉદ્ઘાટન થયું (૧૮૬૨)
- અખંડ ભારતના ભારત અને પાકિસ્તાન બે દેશોમાં ભાગલા થયા (૧૯૪૭)
- વર્તમાન પત્રના દિગ્ગજ ઉદ્યોગપતિ વિલીયમ રેડોલ્ફ હર્સ્ટસની પુણ્યતિથિ (૧૯૫૧)
- બ્રિટીનના જોન ગ્લાસવર્ધીની જન્મજયંતિ (૧૮૬૮)
- **૧૫ ઓગસ્ટ :** સ્વાતંત્ર્ય દિવસ
- ભારતના મહાન સંત કેદારનાથજીની પુણ્યતિથિ (૧૯૭૮)
- લક્ઝ્યુરીય હોટેલોના માલિક ‘રાય બહાદુર’ નો ખિતાબ પ્રાપ્ત મોહનસિંહ ઓબરોયનો જન્મદિવસ (૧૮૯૮)
- યોગી મહર્ષિ અરવિંદ ઘોષની જન્મજયંતિ (૧૯૪૨)
- કાર્ટુનિસ્ટ પ્રાણકુમાર શર્માનો જન્મ (૧૯૩૮)
- **૧૬ ઓગસ્ટ :** પોન્ડેચેરીનો ભારતમાં વિલય દિવસ
- કર્મનિષ્ઠ ઉદ્યોગપતિ નાનજી કાલિદાસ મહેતાનું નિધન (૧૯૬૯)
- દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલનો જન્મદિવસ (૧૯૮૬)
- સ્વામી રામકૃષ્ણ પરમહંસની પુણ્યતિથિ (૧૯૧૯)
- દયારામ પ્ર. ભટ્ટની જન્મજયંતિ (૧૭૭)

### ગત સપ્તાહના સવાલનો જવાબ

**ડો. વિક્રમ સારાભાઈ જન્મજયંતિ કયા દિવસે ઉજવાય છે?**
**જવાબ : ૧૨મી ઓગસ્ટના દિવસે**

### સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો

(૧) ઋજિત રાવલ : ૧૨૨૨/૨, સે-૭ડી (૨) મૂળજીભાઈ પરમાર : સે-૭ (૩) જયેન્દ્ર પ્રસાદ પાઠક : સે-૬ (૪) નટુભાઈ દરજી : પેથાપુર (૫) પંકજ આર પ્રજાપતિ : ઉવારસદ (૬) હાર્દિક એન. ભટ્ટ : સે-૨૪

### આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

**નિરાધાર બાલીકાઓના યૌન શોષણના મામલે બિહારના કયા મંત્રીએ રાજીનામુ આપવું પડ્યું ?**

**‘ગાંધીનગર સમાચાર’- ખજાનો વિભાગ**

**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

# લક્ષ્મીનો વાસ - શાસ્ત્રનો સાર





રંગ-ઉમંગ

કાનન ઓઝા

કુચૈલિનં દન્તલોપધારિણં, બહવાશિનં નિષ્કુરભાષિતં ચ ।
સૂર્યોદય ચાસ્તમિતે શયાનં, વિમુચ્છતિ શ્રીર્યદિ ચક્રપાળી ॥

મેલા કપડાં પહેરનાર, ગંદા અને મેલા દાંતવાળો, વધુ ખાવાવાળો, કઠોર બોલવાવાળો, સૂર્યોદય અને સૂર્યાસ્તે સુવાવાળો, જો સાક્ષાત વિષ્ણુ ભગવાન હોય તો પણ લક્ષ્મીમાતા તેને એવશ્ય છોડી દે છે. ખરી વાત આવી છે તો બીજા માણસો માટે શું કહેવું ? જેના શબ્દોમાં આવેશ છે, તેનામાં કઠોરતા આપોઆપ આવી જાય છે. એવી વાણી બોલનાર પોતાની પ્રસન્નતા આપોઆપ ખોઈ નાખે છે. તેની વાણી સાંભળનાર પણ શાંત રહી શકતો નથી. આવા માણસો પોતાના સંતાનોને સારા સંસ્કારો આપી શકતા નથી. આ કારણે લક્ષ્મી. તેમનો સાથ છોડે છે, માટે મીઠું બોલો. જે માણસ બીજાનો વિશ્વાસઘાત કરે છે. તેને લક્ષ્મીજી કદી પણ સાથ આપતાં નથી. જે સ્વાર્થ હોય ત્યારે સામા માણસને આપવાની વાત કરે પણ, પછી કશું આપે નહિં કે તેનું કામ કરે નહિ તેની પાસે લક્ષ્મી રહેતી નથી. જે પુરુષ પરસ્ત્રી તરફ અને જે સ્ત્રી પરપુરુષ તરફ મેલી નજર રાખે છે. તેને લક્ષ્મી છોડી દે છે. જે માણસ ઘણું ખાય છે, આળશુ છે. ઊંઘમાંથી ઉઠી બ્રશ કર્યા વિના ચા પીએ છે, તેની પાસે લક્ષ્મી રહેતી નથી માટે સારા બનો.

માનવ જીવન સીમિત છે, પણ કાર્યોની સંખ્યા અસીમિત છે. જ્ઞાન અનંત છે, પણ આયુ અત્યલ્પ છે. માટે માણસે બધું જ શીખવાની, જાણવાની ભાંજગડમાં પડવું નહિ. તેમ કરશો તો તે ગૂંચવાઈ જશે અને કામ તો થશે જ નહિ. શાસ્ત્રો પાર વગરના છે અને જીવન થોડું છે અને તેમાં પણ રોગ, વૃદ્ધત્વ, મૃત્યુથી તે ભરેલું છે. માટે માણસે તો શાસ્ત્ર ક્ષાર જ ભણી લેવો સારો છે. જેમ હંસ દૂધમાંતી દૂધ પીવે છે અને પાણી રહેવા દે છે તેમ બુદ્ધિમાન વ્યક્તિને શાસ્ત્રના તત્ત્વને જ ગ્રહણ કરવું સારું છે.

સો વર્ષનું આયુ હોય તો પણ બધાં શાસ્ત્રો વાંચી ન શકાય. વળી ખાવું, પીવું, ઉંઘવું, વહેવાર, ધંધો વગેરેમાં કાળ જાય છે. નાના-મોટા અનેક વિઘ્નો આવે છે, માટે શાસ્ત્રનો સાર જ જાણવો. મેક્સમૂલરે ઋગ્વેદ ઉપર ટીકા લખી તેમાં તેને ૩૫ વર્ષ ગયા. ભાંડારકર ઈન્સ્ટિટયુટમાં ૨૧ પંડિતોએ ૨૦ વર્ષ સુધી મહાભારત ઉપર સંસોધન કરીને મૂળ મહાભારત તૈયાર કર્યું, જે ખરેખર તો સાર જ હતો.આમ શાસ્ત્રો પૂરેપૂરાં વાંચી, જાણી શકાય તેમ છે જ નહિ, માટે જે સારભૂત તત્ત્વ શાસ્ત્રોમાંથી જ્ઞાનીઓએ તારવીને લખી રાખ્યા છે તેને જાણો,અને વાંચીને જાણી લ્યો, અને એનું ચિંતન કરતા રહો. જેમ એક લિટર દૂધમાં સારરૂપ ઘી તો ફક્ત ૨૦ ગ્રામ જ છે, તેમ શાસ્ત્રોમાંથી જ્ઞાનીઓએ સાર તારવેલો છે તે જાણી લ્યો, હંસમાં આવી સમજ છે.

માણસ એવી રીતે જીવે છે કે તે બીજાને ખૂંચે નહિં, બીજાને પીડે નહિ પણ પ્રસન્નતાથી એકબીજાને સાથે ભળી અને પ્રેમમય જીવન જીવે. આવું શાસ્ત્રમાંથી સાર રૂપે મળે છે. પોતાનો આત્મા જેમ માણસ ગમે છે, તેમ બીજાને તમે પોતાના આત્મા જેવો જાણી ને તેને પીડા ન આપો. આ છે શાસ્ત્રનો સાર, સાર ગ્રહણ કરવો હોય તો ચમચા જેવા ન બનશો. દૂધપાકમાં ચમચો સતત પડ્યો રહે તો પણ દૂધપાકનો સ્વાદ માણી શકતો નથી, સ્વાદ માણસવા તો દૂધપાક પીવો જ પડે તેમ શાસ્ત્રસાર જાણવા શાસ્ત્રમાં ખૂંચવું પડે.